# મૂર્તિ

સર્વ સાધનનું ફળ

ફેબ્રુઆરી - ૨૦૨૫,
વર્ષ : ૨૨ અંક : ૦૨
વાર્ષિક : ₹૫૦/-





વસંત પંચમી


સત્સંગ બ્રહ્મયજ્ઞ - ટીંબા (તા. ૧૨-૧-૨૫)







શિક્ષાપત્રી પૂજન-પઠન-આરતી


મકરસંક્રાંતિ દિને શાકોત્સવ આરતી તા. ૧૪-૧-૨૫



ધનુરમાસમાં વિદ્યાર્થીને વિવિધ ભેટ અને પ્રસાદ વિતરણ



મકરસંક્રાંતિ દિને શાકોત્સવ તા. ૧૪-૧-૨૫









RNI No.: GUJGUJ/2004/52455



# મૂર્તિ



ફેબ્રુઆરી : ૨૦૨૫

વર્ષ : ૨૨

અંક : ૦૨

## દિવ્ય પ્રેરણા

પ.પૂ. અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી




## તંત્રી

શ્રી કલ્યાણ નારાણ વેકરીયા

## પ્રકાશક

**શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર**

બળદિયા-ભુજ (કચ્છ)

મોબાઈલ : ૯૦૯૯૦ ૪૯૨૮૨
૯૦૯૯૦ ૪૯૨૮૪

E-mail : abjibapachhatedi@gmail.com
Website : www.abjibapanichhatedi.org

## લવાજમ

| | |
|---|---|
| વાર્ષિક | : રૂા. ૫૦/- |
| પંચ વાર્ષિક | : રૂા. ૨૦૦/- |
| ૨૦ વાર્ષિક | : રૂા. ૫૦૦/- |
| વિદેશમાં ૨૦ વાર્ષિક | : રૂા. ૪૦૦૦/- |

## પ્રકાશન તારીખ

દર માસની ૧૧ તારીખે

## પ્રિન્ટીંગ

સ્વસ્તિક પ્રિન્ટર્સ-ભુજ
બેઝમેન્ટ, પિંડોરીયા ચેમ્બર્સ,
ન્યુ સ્ટેશન રોડ, ભુજ - કચ્છ.
E-mail : swastik.gr@gmail.com






| અનુક્રમ | પેજ |
|---|---|
| શ્રીહરિચરિત્રામૃતમ્ | ૪ |
| સહજ અમૃત | ૬ |
| અબજ અમૃત | ૭ |
| દિવ્યામૃત | ૮ |
| અવગુણ-દ્રોહ ના કરવો | ૧૦ |
| મુક્તરાજ ધનબાઈ ફઈશ્રી | ૧૧ |
| ઋતુરાજ વસંતપંચમી અને શિક્ષાપત્રી | ૧૨ |
| આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય | ૧૩ |
| કેળવણી | ૧૬ |



# શ્રીહરિચરિત્રામૃતમ્

સદ્. શ્રી આધારાનંદ સ્વામી રચિત પદ્યનો સંક્ષિપ્ત ગદ્ય અર્થ

ગતાંકથી ચાલુ...

**નીલકંઠવર્ણી વનમાં હનુમાનજીની સેવા સ્વીકારી પુલ્હાશ્રમ પધારી ચાર માસ તપશ્ચર્યા કરી. ત્યાંથી બુટોલનગરના રાજા મહાદત્ત અને મહારાણીને ત્યાં રહ્યા. ત્યાંથી ચાલી ગોપાળયોગી પાસે અષ્ટાંગયોગ શીખી બાંસી શહેર થઈ સીરપુર પધાર્યા.**

• નીલકંઠવર્ણી પ્રભાતે જાગ્યા તે સમયે ભયંકર આકૃતિ અને બીહામણો ભૈરવ પોતાના સંઘ સાથે વડ પાસે આવ્યો, તે તેમનું રહેવાનું સ્થાન હતું. પણ આહાર કરવા રાત્રે બહાર ગયેલો. નિલકંઠને વડ નીચે બેઠેલ જોઈ ત્રાડ નાખી. શ્રીહરિ શાંત બેઠા હતા. મારુતી એ આવી ભૈરવનો માથામાં મુઠીનો પ્રહાર કર્યો અને તેનો નાશ કર્યો. તેની સેના ભાગી છૂટી. અરુણોદય થયો એટલે શ્રીહરિ સ્નાન કરી, સૂર્ય વંદના કરી. હનુમાનજી મહારાજ ફળો લાવ્યા તે દેવને નૈવેદ્ય કરી જમ્યા. હનુમાનજી જેવો ચિરંજીવી છે તે ઉપર પ્રસન્નતા જણાવી. જ્યારે જ્યારે અમને કષ્ટ પડે ત્યારે તમે અમારી રક્ષા કરજો એમ કહ્યું ત્યારે હનુમાનજી મહારાજ બોલ્યા, ''તમે કાળના કાળ છો તમારી હું શું રક્ષા કરી શકું? છતાં મનુષ્ય નાટ્ય કરવા આપ ઈચ્છો છો તે આપ જ્યારે સંભારશો ત્યારે હાજર થઈ જઈશ.'' ત્યારબાદ હનુમાનજી અદશ્ય થઈ ગયા અને શ્રીહરિ પુલ્હાશ્રમને રસ્તે આગળ ચાલતા ભૂલા પડ્યા. એક ગુફા આવી. રાત પડી ગઈ હતી. શ્રીહરિએ ગુફામાં પ્રવેશ કર્યો. દેવતાઓએ વિચાર્યું કે આપણને સેવા કરવાનો મોકો આવ્યો છે. તેઓએ ગુફામાં પ્રકાશ કર્યો. શ્રીહરિ ગુફામાં આખીરાત ચાલ્યા જાય છે. સવાર થયું ત્યારે ગુફાથી બહાર નીકળ્યા. જ્યાં મોટો જળનો નદ વહેતો હતો ત્યાં નાહી, પૂજા કરી વિષ્ણુસહસ્ત્રનામનો જપ કર્યો. નદી તટે ફળના વૃક્ષ હતા તેમાંથી ફળ લાવી નૈવેદ્ય ધરીને પોતે જમ્યા અને પછી નદીમાં ઝંપલાવી બીજે કાંઠે નિકળ્યા. ત્યાંથી માર્ગ દેખાયો, તે માર્ગે ચાલતા ચાલતા પુલ્હાશ્રમ આવ્યા.

• પુલ્હાશ્રમમાં રહી દરરોજ ગંડકીસ્નાન કરી મુક્તનાથના દર્શન કરી ભરતજીએ તપ કરેલ ત્યાં એક પગે બે હાથ ઉંચા રાખી સૂર્યનારાયણનું ધ્યાન કરી તપ કરવા લાગ્યા. શ્રીહરિના આવા ચરિત્ર જોઈ અવિવેકીને મોહ થાય છે, પણ ભક્તોને અને મુમુક્ષો તો આવા ચરિત્ર સાંભળી પરમ ગતિને પામે છે. યોગ્ય અને અયોગ્ય જણાતા ભગવાનના બધા ચરિત્ર દિવ્ય છે. પુલ્હાશ્રમમાં આવું આકરું તપ કરતા વર્ણીને જોઈ ત્યાં રહેલા તપસ્વીઓ તર્ક કરે છે કે આ તે શું પ્રહલાદ, ધ્રુવ કે શુક-સનક, નારદ છે કે પછી સાક્ષાત્ નારાયણ ઋષિ? બાળક અવસ્થામાં આવી મોટાઈ જોઈ તપસ્વીઓ આશ્ચર્ય પામ્યા. વર્ણીની સર્વે નાડીઓ ઉઘાડી દેખાતી હતી. ધર્મ અને ભક્તિ દિવ્યરૂપે અખંડ પડખે ઉભા રહી આશીર્વાદ આપતા હતા. આવી રીતે ચાર માસ મેઘની ધારા સહન કરી તપ કર્યું. ત્યારે પ્રબોધિની એકાદશીને દિવસ સૂર્યનારાયણ ભગવાને મૂર્તિમંત દર્શન આપ્યા. શ્રીહરિ કર જોડી સૂર્યનારાયણની સ્તુતિ કરી. આ સ્તુતિ સાંભળી સૂર્યનારાયણે શ્રીહરિને કહ્યું કે તમારા આ મનુષ્ય ચરિત્રમાં અમને મોહ ન થાય એ અમે માંગીએ છીએ. હવે તમારી ઈચ્છા હોય તે માંગો. ત્યારે શ્રીહરિ બોલ્યા, ''કામ, ક્રોધ, લોભાદિક શત્રુઓ થકી રક્ષા કરજો



સમાધિ, તેજ, ઐશ્વર્ય, સામર્થી, ધામ એ આદિક જોવા ઈચ્છે તે સકામ માર્ગ છે.
જે મૂર્તિમાં જોડાય અને બીજું કાંઈ ન ઈચ્છે તે નિષ્કામ છે.

અને અમારું નૈષ્ઠિક વ્રત અખંડ રહે અને જ્યારે સંભારીએ ત્યારે દર્શન દેજો એટલું હું માંગુ છું.'' ત્યારે સૂર્ય બોલ્યા કે અમારામાં જે પ્રતાપ છે તે તમારો જ આપેલ છે, છતાં આપ માંગો છો તે પ્રમાણે થશે. એમ કહી સૂર્યનારાયણે પોતાનું મૂર્તિમંત સ્વરૂપ અદશ્ય કર્યું. શ્રીહરિએ પણ પુલ્હાશ્રમથી બીજે દિવસે ત્યાંથી પર્વત, નદી, જંગલો પાર કરતા કરતા બુટોલનગર પધાર્યા.

- મહાદત્ત બુટોલનગરના રાજા હતા. તેમની પત્ની મહારાણી તેમજ રાજકુમારી ગુણીયલ હતા અને સંતો પ્રત્યે અપાર શ્રદ્ધા રાખતા પણ સાર-અસારનો વિવેક નહિ. જે કોઈ સંતો આવે તેને રાખી જમાડતા. શ્રીહરિને પણ પોતાના બાગના બંગલામાં રાખ્યા. શ્રીહરિને જોઈ બીજા બધા સંતો જે ખોટા હતા તે છતા થઈ ગયા. રાજાએ એ સંતોને પોતાના રાજ્યમાંથી કાઢી મૂક્યા, અને શ્રીહરિને કહ્યું હવેથી અમે દેવને અર્થે થાળ કરીએ છીએ તે ભેળો તમારો થાળ થશે ત્યારે શ્રીહરિ કહે તે દેવ અમને સોંપો, અમે એની પૂજા કરી લઈએ પછી બ્રાહ્મણને સોપીશું. રાજા-રાણી સહમત થયા. રાજાએ પોતાની રાજકુંવરી શ્રીહરિને પરણાવી રાજ્ય તેમને સોંપી દેવાનો વિચાર કર્યો. આ વાત જાણી એટલે શ્રીહરિ રાતો-રાત કોઈને કહ્યા વગર ત્યાંથી ચાલી નિકળ્યા. રાજાએ ચારે દિશામાં શ્રીહરિને પાછા લાવવા ઘોડેસવારો મોકલ્યા પણ શ્રીહરિ મળ્યા નહિ.
- બુટોલનગરથી આગળ ચાલતા ચાલતા વનમાં પ્રવેશ કર્યો ત્યાં એક વિશાળ વડ નીચે બેસી એક યોગી ધ્યાન કરતા હતા. માથે જટા, એક કોપીન, જીર્ણ અચ્છાદાન અને મૃર્ગચર્મનું આસન. તે વિના તેની પાસે કાંઈ નહોતું. નિત્ય શાલીગ્રામની સેવા કરે અને ગીતા-પાઠ કરતા. એવા ગોપાલયોગીને શ્રીહરિએ આવી નમસ્કાર કર્યા અને બાથ ભીડી મળ્યા. એકબીજાના વૃત્તાંત જાણ્યા. શ્રીહરિ કહે અમે નરનારાયણના આશ્રમમાં ગયા ત્યાં રહી ધ્યાન શીખ્યા પણ ત્યાં કોઈ યોગ કરતું નથી. અમને તમારી પાસે યોગ શીખવો છે. યોગવિદ્યા મહાવિદ્યા છે તેથી નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત રહે છે. શ્રીહરિની આ વાત સાંભળી ગોપાલયોગીએ તેમને યોગનો ગ્રંથ ભણાવ્યો અને યોગવિદ્યા શીખવી. શ્રીહરિ દરરોજ ગીતાના ભીજા અધ્યાયનો પાઠ કરતા અને યોગ શીખ્યા. યોગના આઠે અંગ થોડા સમયમાંજ શીખી લીધા. આ જોઈ ગોપાલયોગી જાણી ગયા કે આ મનુષ્ય નથી પણ સાક્ષાત્ શ્રીકૃષ્ણ મારા પર કૃપા કરી પધાર્યા છે. શ્રીહરિએ ગોપાળયોગીને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું અને બ્રહ્મવિદ્યા શીખવી. આમ ગોપાલયોગીએ શ્રીહરિને યોગવિદ્યા શીખવી. અને શ્રીહરિએ ગોપાલયોગીને બ્રહ્મવિદ્યા શીખવી. ગોપાલયોગી રહેતાં ત્યાં વનમાં હિંસક પ્રાણીઓ રહે. બાજુના ગામનો લોકોએ આવીને યોગીને કહ્યું કે આ હિંસક પ્રાણીઓ અમારી ગાયોને મારી લઈ જાય છે. તેથી યોગીઓ શંખનાદ કર્યો અને જ્યાં સુધી એ ધ્વનિ ગયો એ વિસ્તારમાંથી સિંહ વાઘ જેવા હિંસક પ્રાણીઓ જતા રહ્યા. સહુ નિર્ભય થયા. શ્રીહરિ એક વર્ષ ગોપાલયોગી પાસે રહ્યા. ગોપાલયોગીને દિવ્યગતિ આપી શ્રીહરિ આગળ ચાલ્યા અને બાંસી પધાર્યા.
- શ્રીહરિ બાંસી શહેરના એક બગીચામાં વિશ્રામ કર્યો. ત્યાં પક્ષીઓ કિલકિલાટ કરતા અને મધુર સ્વર કરતા. શ્રીહરિ શહેરની નદીમાં સ્નાન કરવા જતા. એક દિવસ રાજાના બે નોકરો આવ્યા તેમને પક્ષીને ગોળી મારી હત્યા કરી. શ્રીહરિથી એ દેખ્યું ન ગયું અને તે જગ્યાનો ત્યાગ કર્યો અને ઉપવાસ કર્યો. રાત્રીએ નીંદ ન આવી, ત્યારે સંકલ્પ કર્યો જે બળ્યા આ શહેર. ત્યાં તો શહેર બળવા લાગ્યું. સંતને ભૂંડો સંકલ્પ ન ઘટે. શ્રીહરિએ તરત સંકલ્પ બંધ કર્યો. આગ બુઝાઈ ગઈ. રાજા-રાણી, શહેરજનો બહાર આવી ગયા પણ પેલા બે નોકર ભષ્મ થઈ ગયા. શ્રીહરિ પૂર્વ દિશામાં આગળ ચાલ્યા. ચાલતા ચાલતા આદિવારાહ આવ્યા. ત્રણ દિવસ રહિ પુરવાસીઓને ધર્મનો ઉપદેશ કર્યો. ત્યાંથી ચાલ્યા અને સિરપુર (પશ્ચિમ બંગાળ) પધાર્યા.

**ક્રમશઃ**



ગમે તેવો વિષમ દેશકાળ હોય પણ જો શ્રીજીમહારાજને અને મુક્તને સાથે રાખે તો એનો ભાર નહિ જે એ વિષમ દેશકાળ નડી શકે.

# સહજ અમૃત



★પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિમાં માયિક આકારના જોનારા અને માયિક આકરના ચિંતવન કરનારા અનંતકોટી કલ્પ સુધી નરક ચોરાશીમાં ભમે છે અને તે મૂર્તિમાં ભગવાનના સ્વરૂપનું દર્શન કરનારા અને ભગવાનના સ્વરૂપનુ ચિંતનવ કરનારા કાળ, કર્મ અને માયા એ સર્વેના બંધન થકી છૂટીને અભયપદને પામે છે, અને ભગવાનના પાર્ષદ થાય છે. માટે અમારે તો ભગવાનની કથા, કિર્તન, વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે તૃપ્તિ થાતી જ નથી ને તમારે પણ સર્વેને એવી રીતે કરવું. (ગ.મ.૪૯)


★એકરસ પરિપૂર્ણ એવું જે બ્રહ્મસ્વરૂપ તેને વિષે અમે અમારા જીવાત્માને લીન કરી રાખ્યો છે, અને તેજોમય એવું જે અક્ષરબ્રહ્મ તેને વિષે મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન ને તે ભગવાનના જે ભક્ત તે સંગાથે અખંડ પ્રીતિ જોડી રાખી છે અને તે વિના કોઈ પદાર્થમાં પ્રીતિ નથી એવું અમારે અખંડ વર્તે છે. એ ભગવાન અને ભગવાનના ભક્તની ભક્તિમાંથી અમને પાડવાને કોઈ સમર્થ નથી એમ જણાય છે. અને અમારી સોબત રાખશે તેના હૃદયમાં પણ કોઈ જાતનો લોચો રહેવા દેવો નથી. શા માટે જે જેને અમારા જેવો અંતરનો દ્રઢાવ હોય તે સાથે જ અમારે બને છે. અને જેના હૃદયમાં જગતના સુખની વાસના હોય તે સંગાથે તો અમે હેત કરીયે તો પણ થાય નહિ. માટે જે નિર્વાસનિક ભગવાનના ભક્ત હોય તે જ અમને વહાલા છે. એ અમારા અંતરનું રહસ્ય છે તે કહ્યું. (ગ.મ.૫૦)

★જીવ જ્યારે સુષુપ્તિમાં જાય છે ત્યારે તમોગુણ ભેળો રજોગુણનો વિક્ષેપ રહે છે. માટે ગુણનો સંગ જ્યાં સુધી જીવને રહે ત્યાં સુધી કોઈ જીવ સુખીયો રહે નહિ ને જ્યારે આત્મસત્તારૂપે રહે ત્યારે જ સુખી રહે છે. માટે ભૂંડા દેશકાળાદિકનો ત્યાગ કરી સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે રહે છે તે જ રૂડા દેશ-કાળાદિકને વિષે રહ્યો છે. અને જે સત્પુરુષની આજ્ઞાથી બહાર પડ્યો તે જ એને ભૂંડા દેશકાળાદિકનો યોગ થયો છે. માટે સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે. અને ત્યાગી છે તેને ત્યાગીના ધર્મ પ્રમાણે વર્તવું અને ગૃહસ્થ હરિભક્ત છે તેમણે ગૃહસ્થના ધર્મ પ્રમાણે વર્તવું અને બાઈઓ હરિભક્ત છે તેને બાઈઓના ધર્મ પ્રમાણે વર્તવું, પણ તેથી ઓછું-અધકું કરવા જાય તે જરૂર દુઃખી થાય. (ગ.મ.૫૧)



ભક્ત શ્રદ્ધા સહિત શ્રીજીમહારાજના વચન જેમ જેમ પાળતો જાય તેમ અંતરમાં સિદ્ધતા થતી જાય છે અને બ્રહ્મભાવને પામતો જાય.

# અબજ અમૃત



★ધ્યાનની લટક એવી શીખવી જે મહારાજની મૂર્તિમાં હું છું, અને બોલે છે ચાલે છે તે તો મહારાજ કરે છે. પણ તે કૃપા સિવાય થાય નહિ. અને જ્યારે અનુભવજ્ઞાન સાક્ષાત્કાર થાય ત્યારે વિઘ્ન ન થાય. આપણે સ્વામિનારાયણના ઘેર જાવું છે તે આવરણ ઘણાં હોય. અક્ષરપર્યંત આવરણ કરનાર છે. તે ન જાણ્યા હોય તો ક્યાંય બંધાઈ જવાય. (૧/૨૧૯,૨૨૦)

★ અમારા બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને બહુ હરકત કરવાનો સાધુનો ઈરાદો હતો. તેમને અમે મૂર્તિમાં લઈ લીધા અને સુખીયા થઈ ગયા. સાજું બ્રહ્માંડ ફરી આવો તો પણ એવા પુરુષ ક્યાંય ન મળે, વાતોના ધડાકા કરતા આવે; કોઈની પરવા રાખતા નહિ. હવે એ ગુણ આ પુરાણી કેશવપ્રિયદાસજીમાં આવે એવો સંકલ્પ કરીએ છીએ જેથી કચ્છના હરિજનો સુખી રહે. (૧/૨૨૧)

★સનાતન હોય તે ગુરુ. તે સનાતન એટલે અનાદિ જે ધામમાંથી આવેલ હોય તે જાણવા અને સંત એટલે સંતના લક્ષણેયુક્ત હોય તે જાણવા. આજ સત્સંગમાં ભગવાન પ્રતિમારૂપે પ્રત્યક્ષ બિરાજે છે. પણ પાપી અને અધર્મીને મતે નથી. તે તો અદશ્ય થયા જાણે છે. એવા હોય તેને ગુરૂ ન જાણવા. એવાનો જોગ થયો હોય તો મોક્ષ માર્ગમાં મોટું વિઘ્ન થયું જાણવું. તેવાના જોગથી જુદા પડી જવું અને તેનો ત્યાગ કરવો. જેને પ્રત્યક્ષ ભગવાન મળ્યા હોય તે તો પાંચ વખત માનસીપૂજા કરે, ધ્યાન કરે, માળા ફેરવે. (૧/૨૨૧)

★મહારાજે આ સભાને અક્ષરધામની સભા કહી છે. માટે આ સભાને દિવ્ય જાણવી અને મૂર્તિઓને વિષે ધાતુ-પાષણ ભાવ ન રાખવો. અને પુરું તો સાક્ષાત્કાર અનુભવજ્ઞાન થાય ત્યારે થાય. જે મૂર્તિ સાથે રસબસ કરે તે અનુભવજ્ઞાની કહેવાય. જો મહારાજની મૂર્તિમાં જોડાય તો આવું જ્ઞાન થાય. મહારાજની મૂર્તિથી ઓરું અક્ષરપર્યંત સર્વે ખોટું થઈ જાય અને મહાપ્રભુની મૂર્તિમાં જોડાઈ જવાય એ અનુભવજ્ઞાન કહેવાય. માટે અનુભવજ્ઞાન સિદ્ધ કરીને મૂર્તિમાં રસબસ થઈ જવું. આવી વાત જ્યારે માંડવીના રામકૃષ્ણભાઈને સમજાણી ત્યારે મુખમાં તરણું લઈ રોયા અને બોલ્યા જે મારો છેલ્લો જન્મ કરજો અને જો જન્મ ધરાવો તો કણબીના કુળમાં જન્મ આપશો. પણ બ્રાહ્મણના કુળમાં ન આપશો. (૧/૧૨૨)



સર્વ ઠેકાણે મહારાજનું કર્તાપણું સમજવું પણ માયા, કર્મ, સ્વભાવ, કાળ, બ્રહ્મ, અક્ષર એ કોઈનું કર્તાપણું ન સમજવું.

# દિવ્યામૃત



## સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

- સ્વામિનારાયણ ભગવાન આવા સર્વોપરી મળ્યા. આવા એના અનાદિમુક્ત મળ્યા. એ જીવમાં વાત ઉતારવી. આપણને લાભ મોટો થઈ ગયો છે માટે આજ તો મહારાજ કૃપાસાધ્ય છે. કૃપાસાધ્ય છે તે તરત મોક્ષ કરી દે. માટે મહારાજને રાજી કરવા સારુ દાખડો કરી લેવો.
- આપણા બાપા પણ એમ કહેતા કે, જે એમ સમજશે જે આ મહારાજના મુક્ત આપણને મળ્યા છે તે મેલશે નહિ; નક્કી ધામમાં લઈ જશે આટલું સમજે તોય બાપા કહે અમે એને અંતે ધામમાં લઈ જઈશુ. આજ બાપા કહે મહારાજને મુક્ત કૃપાસાધ્ય છે. સાધને કરીને જે કામ ન થાય તે કૃપાએ કરીને તરત થાય. આજ મહારાજ ને મોટા એવા કૃપાસાધ્ય છે. આ જોગમાં જે જે આવ્યા તેને બધાને ધામમાં લઈ જવાના છે. બાપા કહે આ અમે જગન કરીએ છીએ તે જીવના મોક્ષ સારુ કરીએ છીએ. મોટા થવા માટે નથી કરતા. આ જગનમાં જે આવશે; પ્રસાદી જમશે તે બધાયને ધામમાં લઈ જવા છે અને મૂર્તિના સુખે સુખિયા કરવા છે. આપણે પણ એવો આનંદ રાખવો જોઈએ કે, અહો! આપણને આ સ્વામિનારાયણ ભગવાન, આવા અનાદિમુક્તનો જોગ થયેલો છે; એમની કૃપાદૃષ્ટિ છે. તો આપણો પણ મોક્ષ થયેલો જ છે. આ સ્વામિનારાયણ ભગવાનને લઈને જ મોક્ષ છે.
- આ દેહે કરીને શું કરવું જોઈએ! દિવ્ય તપ કરવું તો કહે દિવ્ય તપ કેવું? અને સકામ તપ એટલે શુ છે? કેટલાક ધાણી તાપે, પંચાગ્નિ તાપે એ બધુંય સકામ તપ છે. આવી રીતે ભગવાનનાં ભક્તને ભેગા બેસીને ભગવાનનો મહિમા સમજવો; ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. ભગવાનની મૂર્તિમાં ચિત ચોટી જાય, તો એ દિવ્ય તપ થઈ ગયું. દિવ્ય તપ કરવું; દિવ્ય તપ કરવાથી શું લાભ થાય? તો અંતઃકરણમાં અનાદિકાળની વિષયની વાસના આ જીવના હૈયામાં પડી છે. તે આવી રીતે કથા, વાર્તા, ધ્યાન, ભજન કરવાથી અંતઃકરણમાંથી એ બધી વાસના નીકળી જાય છે.



## અ.મુ.પ.પૂ. શ્રી સોમચંદબાપા

- આપણે શ્રીજીમહારાજના છીએ અને એ આપણા છે. તેથી જેમ માબાપને છોકરાઓ વહાલાં હોય તેમ માહારાજને આપણે વહાલા રહેવું. આપણું જીવન એ છે. ''ગિરધારી રે ગિરધારી, મારે નિર્ભે અખૂટ નાણું ગિરધારી'' એ આપણું જીવનધન છે, આત્યંતિક મોક્ષ એ મૂર્તિથી જ છે. એ જેમ કરશે તેમ ઠીક જ કરશે. અનંતકોટી બ્રહ્માંડની એમને ફિકર છે તો આપણા પર તો અમૃત નજર હોય જ.
- આપણા બધા ઉપર શ્રીજીમહારાજ, મહામુક્તો, બાપાશ્રી આદિ દિવ્ય સ્વરુપોનો રાજીપો થતાં આપણે પૂર્ણકામ થયા છીએ. ઓછી-વધુ ભક્તિ થાય, વ્યાવહારિક ક્રિયાઓમાં કોઈ વાર ભુલાય, છતાં જે નિશ્ચય થયો છે કે

મહારાજે મારા ચૈતન્યને મુક્ત કરી મૂર્તિમાં રાખેલ છે તે અનુસંધાન ભૂલવું નહિ.

- સર્વના કારણ મહારાજની મૂર્તિ મળી તેથી અધિક જાણવા-પામવાનું કાંઈ રહેતું નથી. એ મૂર્તિ મળી એ મૂર્તિનો મહિમા સમજાણો, એમના અનાદિ મહામુક્તો ઓળખાણા, એમનો આપણા પર રાજીપો થયો, એમણે કેટલીય વાર આશીર્વાદ આપ્યા, પોતાના કર્યા, એ વિચારતાં તો સદાય આનંદ આનંદ વર્તે, સદાય કૃતાર્થપણું મનાય. આ રીતે શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનો મહિમા વિચારી આઠે પહોર મૂર્તિનો આનંદ રાખવો. બધાય એમને લઈને છે. બાપાશ્રી કહે છે કે, ''મૂર્તિ મુખ્ય રાખવી. મૂર્તિ ભૂલવી નહિ. આપણે એક છોગલવાળા સ્વામિનારાયણ રાખવા, એ રહે તો હચ્યો.''



## અ.મુ.પ.પૂ. શ્રી જાદવજીબાપા

- ભગવાનનો અને મોટા મુક્તનો મહિમા સમજાય તો નબળા ગુણ બધાય જાતાં રહે.
- જ્યાં સુધી દેહના ભાવ નથી ભુલાણા ત્યાં સુધી મહારાજનું સુખ ધ્યાન, ભજનમાંય ન આવે. આત્મારુપ થઈને પરમાત્મામાં જોડાય જાય. ત્યારે એને ઊંઘમાં ખબર પડે છે કે ક્યાં ઊંઘતો હોઉં છું. ત્યારે આ લોકના ઘાટ માત્ર બંધ થઈ જાય છે. સંકલ્પ જ ન થાય. પણ જ્યારે કારણ દેહની વાસના બળે ત્યારે એને ભગવાનના દર્શન થાય. હું ને મારું ભૂલી આત્માને પરમાત્મામાં જોડી દેવો... મહારાજ તો સમ ખાઈ ખાઈને આ વાત સમજાવે છે. આ સભા અક્ષરધામની છે. આ સભામાં પ્રત્યક્ષ મહારાજ બિરાજે છે. આ સભામાં બધા તેજોમય છે. છટા છૂટે તેજની જાણે ઊગ્યા કોટી સુરજ. જેમ મૂર્તિમાં જોડાય ગ્યો ત્યારે મહારાજ જ. દેહભાવ જ્યારે ભૂલાઈ જવાય ત્યારે મહારાજની મૂર્તિમાં રહેવાય. ખરું કરવાનું એ છે.



## અ.મુ.પ.પૂ. શ્રી નારાયણમામા

- પહેલા તો નાસ્તિકપણું ભગવાનને વિષે ટાળો. આ લોકની વસ્તુ યાદ આવે એવા ઘાટ છેને! એ તો હિસાબમાં જ નથી. એ કાંઈ બહુ પરાભવ નથી કરતા જે અવિશ્વાસ રહે છે ને! જે શ્રદ્ધા નથી આવતીને! એ સૌથી ખરાબ છે. એના લીધે બધા દુઃખી થયા છે. ઘડીકમાં બેસી જાય. થોડું દુઃખ આવે તો ય ગભરાઈ જાય. શરણાગતિ કોને કહેવાય ખબર છે? શ્રીજીમહારાજે સર્જેલી કોઈ પણ જાતની પરિસ્થિતિ એનો સહર્ષ સ્વીકાર કરીને આનંદ આવે ત્યારે માનવું કે હવે બરોબર છે.
- આ લોકની બાધિતાનુવત્તિ એવી છે કે દુઃખ થાય, મૂંઝવણ થાય બધું જ થાય, પણ સમજણ બદલાવી જોઈએ નહિ. એક સેકંડ પણ ન બદલાવી જોઈએ. આમ કેમ કર્યું એમ ન થવું જોઈએ. આ pain (દુઃખ) ભલે ભોગવે that is another thing દુઃખ પડે, ખૂબ મૂંઝવણ થાય આમ થાય, તેમ થાય એ બધું સહન કરવું પડે ભલે, પણ એ વખતે વિચાર ન આવવો જોઈએ કે મહારાજે આમ કેમ કર્યું? બરોબર! તો એ પાકી નિષ્ઠા ગણાય.
- જેને અનાદિમહામુક્ત મળ્યા ને કહ્યું, જાવ મૂર્તિમાં રાખ્યા એનું ભૂંડું ન થાય. પછી દેહ ભલે ગમે તે રીતે પડે, પણ સુખમાં ફેર ન પડે. ચૈતન્ય સુખમાં રહે.

# અવગુણ / દ્રોહ ન લેવા / કરવા વિષે

શ્રી રાજ વકીલ - અમદાવાદ

ગતાંકથી ચાલુ....

ગત અંકમાં આપણે કેટલાક વચનામૃતોના આધારે ભગવાન અને ભક્તનો અવગુણ ન લેવા-દ્રોહ ન કરવા વિષેની વાત જોઈ. હવે એમાં બીજા કેટલાક વચનામૃતો જોઈએ. પ્રથમના ૩૧માં મહારાજે જણાવ્યું કે જે નિવૃત્તિ પકડીને બેસી રહે અને કોઈને વચને કરીને દુખવતો ન હોય અને ભગવાન કે સંતની કોઈ સેવા ન કરતો હોય તેના કરતા કોઈને વચને કરીને દુખવે છે પણ ભગવાનની અથવા સંતની સેવા કરે છે તે શ્રેષ્ઠ છે. કેમ જે ટેલ ચાકરી કરે તેને તો ભક્તિવાળો કહેવાય જે શ્રેષ્ઠ છે. સ્થૂળ દષ્ટિએ કોઈને શંકા થાય કે શ્રીજીમહારાજે કોઈને વચને કરીને દુખવતો હોય તેવા ભક્તને કેમ શ્રેષ્ઠ કહ્યો હશે. મહારાજે ઓમં જ આગળ સ્પષ્ટતા કરી કે એવી ભક્તિવાળો ભગવાનના વચનમાં દઢપણે રહ્યો હોય અને તેને વિષે કાંઈક સ્વાભાવિક અલ્પદોષ જોઈને તેનો અવગુણ લેવો તે મોટી ખોટ્ય છે. અર્થાત્ જેમ બાપાશ્રીએ પ્રથમના ૧૬ના રહસ્યાર્થમાં સ્પષ્ટતા કરી કે જે દોષના પ્રાયશ્ચિત કરવાના ન હોય તેવા દોષનો એટલે કે બહુ બોલવાની ધાર્યું કરવાની પ્રકૃતિ હોય તે જોઈને અવગુણ લેવાય તે ખોટ કહી છે. મહારાજે તો એમ કહ્યું કે એવી રીતે જેને અવગુણ આવે તેને આસુરી બુદ્ધિવાળો જાણવો. વળી તે જ વચનામૃતના બીજા પ્રશ્નનાં ઉત્તરમાં મહારાજે જણાવ્યું કે સત્સંગમાં નાન્યપ-મોટપ પ્રત્યક્ષ ભગવાનના નિશ્ચયે કરીને તથા તે ભગવાનની આજ્ઞાને વિષે વર્તવે કરીને છે અને એ બે વાનાં જેને ન હોય ને તે ગમે તેવો વ્યવહારે મોટો હોય તો પણ એ નાનો જ છે. તેની પુષ્ટિ કરતાં પ્રથમના ૫૩માં મહારાજે જણાવ્યું કે મોટા જે સાધુ તેનો અમથો અવગુણ ન લેવો, ગુણ જ લેવો ને અવગુણ તો ત્યારે લેવો જ્યારે પરમેશ્વરની બાંધેલ જે પંચવર્તમાનની મર્યાદા તેમાંથી કોઈક વર્તમાનનો તે સાધુ ભંગ કરે ત્યારે તેનો અવગુણ લેવો, પણ કોઈ વર્તમાનમાં તો ફેર ન હોય ને તેની સ્વાભાવિક પ્રકૃતિ ઠીક ન જણાતી હોય તેને જોઈને તે સાધુમાં બીજા ઘણાક ગુણ હોય તેનો ત્યાગ કરીને જો એકલા અવગુણને જ ગ્રહણ કરે તો તેના જ્ઞાન-વૈરાગ્ય આદિ જે શુભ ગુણ તે ઘટી જાય છે ને જો અવગુણ લે નહિ તો તેને શુભ ગુણની દિવસ દિવસ પ્રત્યે વૃદ્ધિ થાતી જાય છે. પ્રથમના ૩૫માં મહારાજે કહ્યું કે કોઈ પુરુષમાં બુદ્ધિ ઘણી છે અને મોટા મોટામાં પણ ખોટ્ય કાઢે એવો છે તો પણ કલ્યાણના માર્ગે ચાલતો નથી તેનું કારણ એની બુદ્ધિ દૂષિત છે. તેણે કોઈ મોટા સંતનો અથવા પરમેશ્વરનો અવગુણ લીધો છે તે રૂપી દોષ એની બુદ્ધિમાં સર્પની લાળ સરખો છે જે તેને કલ્યાણના માર્ગે ચાલવા નથી દેતો. અને તેની વાતના સાંભળનારા પણ સત્સંગમાંથી પાછા પડી જાય છે અને એવી દૂષિત બુદ્ધિ થયા પછી તે જ્યાં જ્યાં જન્મ ધરે ત્યાં ત્યાં ભગવાનનો અથવા ભક્તનો દ્રોહ જ કરે અને તે કોઈ કાળે ભગવાન સન્મુખ થાય જ નહિ. પ્રથમના ૫૬માં મહારાજે કહ્યું કે જેને કોઈ જાતની વાસના ન હોય પણ તીવ્ર વૈરાગ્ય, અત્યંત આત્મજ્ઞાન કે ભગવાનની દઢ ભક્તિનું બળ હોય હોય અને તેના માનમાં જે અટંટ રહે અને એને યોગે જો ગરીબ હરિભક્તને નમાય નહિ કે તેની આગળ દીન વચન બોલાય નહિ તો એ પણ એને વિષે મોટી ખોટ્ય છે અને તેણે કરીને એ હરિભક્તનું અંગ વૃદ્ધિને ન પામે તેમજ એનામાં મોટા ગુણ ન આવે. પ્રથમના ૬૨માં "નિશ્ચય છે તો પણ રૂડા ગુણ નથી આતા અને માન ને ઈર્ષ્યા દિવસે દિવસે કેમ વધે છે." તેના ઉત્તરમાં મહારાજે કહ્યું કે આસુરી અને અતિ કુપાત્ર જીવ ભગવાનની સમીપે આવે તો પણ પોતાના સ્વભાવને મૂકી શકે નહિ પછી એ કોઈ ગરીબ હરિભક્તનો દ્રોહ કરે તેણે કરીને એનું ભૂંડું થાય કેમ જે ભક્તને અપમાને કરીને તે ભગવાનનું અપમાન થાય છે ત્યારે તે અપમાનના કરનારાનું અતિશે ભૂંડું થઈ જાય છે. એવું જાણીને ભગવાનથી ડરીને જે સાધુ હોય તેને લેશમાત્ર અભિમાન રાખવું નહિ, નહિ તો ગર્વગંજન એવા ભગવાન તે ગમે તે દ્વારે પ્રગટ થઈને એ અભિમાની પુરૂષના અભિમાનને સારી પેઠે નાશ કરે છે. પ્રથમના ૬૭માં મહારાજે કહ્યું કે જે સત્પુરૂષમાં અવગુણ પરઠે કે મોટા કહેવાય છે પણ વિવેક તો કોઈ પ્રકારનો નથી, અને ખાતા-પીતાં, ઓઢતા-પહેરતાં પણ આવડતું નથી. પરમેશ્વરે સુખ આપ્યું છે તેને ભોગવતા પણ નથી આવડતું. એવી રીતે સત્પુરૂષમાં અનંત પ્રકારના અવગુણ પરઠે એવો જે કુમતિ પુરૂષ તેને વિષે કોઈ કાળે સત્પુરૂષના ગુણ આવે જ નહિ. પ્રથમના ૭૧માં મહારાજે કહ્યું કે બીજા સર્વે અપરાધ ભગવાન માફ કરે પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે એ અપરાધને ભગવાન માફ નથી કરતા માટે ભગવાનના ભક્તનો કોઈ પ્રકારે દ્રોહ કરવો નહિ. પ્રથમના ૭૨માં કહ્યું કે પહોંચી શકે એવો હોય પણ સ્વભાવે ગરીબ હોય એવા ભગવાનના ભક્તનો દ્રોહ કરે તો બ્રહ્મહત્યા જેટલું પાપ થાય. વરતાલના ૧૧માં કહ્યું કે સ્વભાવે ગરીબ હોય, બ્રહ્મચર્ય-અહિંસાદિક ધર્મને વિષે અતિશે દ્રઢતાવાળો હોય અને દુખવનારનું ભૂંડું થવાનો સંકલ્પ કરે નહિ એવા ભગવાનના ભક્ત ગરીબને દુખવે તો જીવ નાશ પામી જાય. પ્રથમના ૭૫માં મહારાજે કહ્યું કે ભગવાનાન ભક્ત સાથે વૈરબુદ્ધિ રાખે તેનું કલ્યાણ ન થાય ને જેમ જેમ વૈર કરે તેમ તેમ તેની બુદ્ધિ ભ્રષ્ટ થતી જાયને દેહ પડે ત્યારે પંચમહાપાપના કરનારા જે નરકકુંડમાં પડે ત્યાં તે પણ પડે.

ક્રમશઃ



જેવડા મહારાજને અને મુક્તને જાણશો તેવા થાશો. આ પ્રાપ્તિ કોઈને મળી નથી.

# શ્રીહરિના અનન્ય કૃપાપાત્ર કચ્છના મુક્તરાજ પૂજ્ય ધનબાઈફઈશ્રી

પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ - ભુજ

આ વર્ષે શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામેલા શ્રીજીના અનન્ય કૃપાપાત્ર કચ્છ-રામપર વેકરાના સન્નારી નારી રત્ન પૂજ્ય ધનબાઈ ફઈની દ્વિશતાબ્દી અતિ ધૂમધામથી ભવ્યાતિભવ્ય રીતે વધાવવામાં આવી. જેનો સુલાભ હજારો ભક્તજનોએ મેળવ્યો. પૂજ્ય ધનબાઈશ્રીના જીવન કવનની જાણકારી વાચકને મોક્ષભાગી બનાવે.

કચ્છના તીર્થસ્વરૂપ રામપર ગામમાં સંવત ૧૮૮૧ના કારતક સુદ ૧૫ના દિવસે ધનબાઈનો જન્મ થયો. તેમના માતાનું નામ જીબાઈ, પિતાનું નામ હિરજીભાઈ તેમનો ઉદ્યમ ખેતીવાડી હતો. શ્રીહરિએ હિરજીભાઈને તેમની વાડીમાં દર્શન આપેલા. ધનબાઈને તો બાલ્યાવસ્થાથી જ ભજન, ભક્તિ, ધ્યાનનું અંગ હતું.

પૂજ્ય ધનબાઈને ભુજમાં પૂજ્ય સૂરજબાના દર્શન તથા સત્સંગનો લ્હાવો મળ્યો. પૂજ્ય સૂરજબા વિસનગરના નાગર હતા. પૂજ્ય મયારામ ભટ્ટ આ લખનારના પરદાદી હરખાબાઈના પિતાશ્રી થાય. સૂરજબાએ ધનબાઈશ્રીને કહ્યું કે, ''મારે ઘણા સમૈયાઓ કરવાની અને હરિભક્તોને જમાડવાની ઈચ્છા છે પરંતુ મારા બ્રાહ્મણનું ખાવામાં કેટલાક ભક્તો ખચકાય છે. માટે એ તું બધું કરજે.''

ત્યારે ધનબાઈ કહે, ''બા, એટલું બધું ધન હું ક્યાંથી લાવું? તરત જ સૂરજબાએ ધનબાઈના હાથમાં પાંચ કોરી આપીને કહ્યું કે આને એક કોથળીમાં રાખજે. ગમે તેટલા યજ્ઞ કરીશ છતાં આ ધન ખૂટશે જ નહિ.'' આજે પણ આ પ્રસાદરૂપ કોરીઓ સંચવાયેલી છે. જે દર્શનીય બની રહી છે.

પૂજ્ય ધનબાઈફઈશ્રીએ વિક્રમ સંવત ૧૯૧૬થી સત્કાર્યો આદરવાનો પ્રારંભ કર્યો. ૧૯૩૩માં તુલસીવિવાહ ૧૯૩૮માં રામપુરમાં બાઈઓનું મંદિર કરાવ્યું. ૧૯૪૮માં સત્સંગીજીવનની પારાયણ કરાવી. ૧૯૫૦માં ગંગાજીને ઘાટ બંધાવી મોટો સમૈયો કર્યો. ૧૯૫૧માં ત્યાં સત્સંગીભૂષણની પારાયણ કરાવડાવી. જેના વક્તા માંડવીના લક્ષ્મીરામભાઈ તથા અમદાવાદના હતા. પુરાણી સ્વામી શ્રી નંદકિશોરદાસજી હતા. ૧૯૬૫માં ભુજમાં પંદર દિવસ ''શ્રીહરિવાક્ય સુધા સિન્ધુ''ની પારાયણ બેસાડી.

૧૯૬૭માં પૂજ્ય ધનબાઈશ્રીએ સત્સંગીજીવનની પારાયણ કરાવી અને પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય મહારાજશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રીની પધરામણી કરાવી. આ બધી પારાયણોમાં બળદિયાથી બાપાશ્રી અચુક પધારતા અને બાપાશ્રી પારાયણ બેસાડતા તેમાં ધનબાઈફઈશ્રી પધારતા.

પૂજ્ય ધનબાઈફઈશ્રી ભોજનમાં માત્ર એક જ વખત બાજરાની મોળી રાબ ગ્રહણ કરતા. બાકી કઈજ નહિ. અતિ મિતાહરી જીવન વ્યતીત કરતા. સંપૂર્ણ તપોમય તેઓશ્રીનું જીવન હતું. અસંખ્ય જીવાત્માઓને તેઓએ મોક્ષભાગી બનાવ્યા. ભૂતપ્રેતાત્માઓના ઉપદ્રવો તેઓ સત્વરે નાબૂદ કરી દીન દુઃખિયાને સુખિયા કરતા.

છેલ્લે ૧૯૮૦ના કારતક સુદ-૭ના રોજ ભક્તોની હાજરીમાં તેઓશ્રીએ સ્વતંત્રપણે ભૌતિક દેહનો ત્યાગ કર્યો. રામપુરમાં ગંગાજીના ઘાટ પર જ પૂજ્ય ધનબાઈશ્રીનું સમાધિ સ્થાન છે, તેનો વિકાસ ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા હરિભક્તોના સહયોગથી કરવામાં આવ્યો છે.

# ઋતુઓના સર્જનહારનું વિરાટ સર્જન; ઋતુરાજ વસંત અને શિક્ષાપત્રી

પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ - ભુજ

મહાસુદ પાંચમ એટલે વસંતઋતુના ઉદ્ઘાટનનો ભવ્ય દિવસ. ગુલાબી વસંતનો ઘતિર કારીગર એતો માત્ર પરબ્રહ્મ પરમાત્મા સિવાય અન્ય કોઈ ન હોઈ શકે. ગુલાબ, કુમકુમ કરેણ અને મેન ચંપો વસંતના વધામણા કરતા જણાય છે. કવિ નાનાલાલે રચ્યા મુજબ ''સ્નેહ, સંગીત અને સૌંદર્યને પ્રગટાવે છે, વસંત એટલે મધમધતા પુષ્પોનો ગુલદસ્તો.'' શિયાળા અને ઉનાળાનો સેતુ એટલે જ ઋતુરાજ વસંત. વસંતના આ ઉલ્લાસમાં ભમરાઓ પણ એક પુષ્પથી બીજા પુષ્પ પર ગુંજારવ કરતા જોવા મળે છે.

મંજરીની મહેક મનન હૈયાને ભરી દે છે. મનવાલી વ્રજની વ્રજનારીઓ ઉમળકા ભેર રાસરમની ગાય છે. અણુએ અણુએ વસંત છાયો, વસંતપંચમી આવી અલબેલીઃ

""god made the preety colours,<br>
god made the tiny wings,<br>
of every flower that opens<br>
of every bird that sing."

સંસ્કૃત સાહિત્યમાં રસરાજ જયદેવનાં ગીતગોવિંદમાં વસંતઋતુનું મનોહર વર્ણન છે. આ એજ વસંત છે જેણે શીવજીના તપ તોડ્યા હતા. આ એજ વસંત છે જેણે પાંડુરાજા જેવા તપસ્વીના દવદવમાં કામના કામળ પાથર્યા હતા. કવિકાન્તે વસંતવિજય નામના ખંડ કાવ્યો રચ્યા છે.

અંગ્રેજ કવિ ડેવિસે કહ્યું છે.

""what is this life is full of care<br>
we have no time to stand and stare"

આસામવાસીઓનો મોટામાં મોટા તહેવાર બોહાગ બિહુ વસંતપંચમી સાથે સંલગ્નિત છે. નૂતનવર્ષ, કૃષિજીવન અને વસંતઋતુ આ ત્રણેયની ઉજવણી થાય છે. બોહાગ એ આસામી પંચાગનો પ્રથમ દિવસ છે.

બોહાગ ઉજવણી મહિનામાં ઘણી દિવસો આવે છે. જાહેર સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. ભારતીય સાંસ્કૃતિક પરંપરાના તેમાં દર્શન થાય છે. વિવિધ વાદ્યોની સૂરાવલિ તનમનને ભરી દે છે. વિવિધ નૃત્યો પણ મનભાવન હોય છે. બિંધુમાં ભેટ આપવાનો રિવાજ છે. જે ભેટને ''બિધુબન'' કહેવાય છે. બિહુ નૃત્યો જોમવાળા હોય છે. જે યુવાની અને શક્તિનું દર્શન કરાવે છે.

કોયડીઓના પંચમ નૂર પણ માણવા મળે છે એ પણ આ વસંતઋતુની વિશેષતા છે. કવિશ્રી ઉમાશંકર જોષીએ લખ્યું છે ''લજ્જાથી મનેલી, કવિઓથી ખીલેલી, નમેલી ચમેલીએ અંગુલિ નિર્દેશ કીધો ન્હોતો.'' વિસર્જન સર્જનની વસંતની અદ્ભૂત ભેટ છે.

સંવત ૧૮૮૨ના વડતાલ મધ્યે સર્વાવતારી શ્રી સહજાનંદસ્વામીશ્રીએ સ્વહસ્તે ૨૧૨ શ્લોકની શિક્ષાપત્રી વસંતપંચમીના મહાસુદ ૫ના દિને રચી જે પરમ કલ્યાણકારી છે. શિક્ષાપત્રી દ્વારા સ્વયં શ્રીહરિ જીવાત્મા સમક્ષ તેમના આત્મકલ્યાણ અર્થે મારી વાણી એ મારુ સ્વરૂપ છે, એમ શિક્ષાપત્રી દ્વારા પ્રગટ છે. શી. શ્લોક ૨૧૧માં લખે છે કે આ શિક્ષાપત્રી પરમ કલ્યાણકારી છે. ''શિક્ષાપત્રીમાં કુલ ૨૧૨ શ્લોકો નિહિત છે. જેમાં ગૃહસ્થાશ્રમના ધર્મો, સધવા-વિધવાના ધર્મો આચાર્ય મહારાજશ્રીઓને અપાવેલા નિયમો, સંતો-પાર્ષદોને પાડવાના નિયમો આદિ ખૂબ જ ચોકસાઈથી ભરેલા છે. જીવાત્માએ પંચવિષય કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આદિ વિકારોમાંથી મુક્ત થવાની સરળતા સમજાવી છે.''

શિક્ષાપત્રીના ૨૦૧માં શ્લોકમાં શ્રીજી મહારાજે આલેખ્યા મુજબ......... અને તે સાધુને બ્રહ્મચારી તેમણે કોઈક કુમતિવાળા દુષ્ટજન હોય ને તે પોતાને ગાળ દે અથવા મારે તો તે સહનજ કરવું પણ તેને સામી ગાળ ન દેવી ને મારવો નહી. અને તેનું ભૂંડું થાય તેવો તો સંકલ્પ પણ ન કરવો.

શ્રીહરિએ શિક્ષાપત્રીના ૨૦૬માં શ્લોકમાં વચન આપતાં વર્ણવ્યું છે.... અને જે અમારા આશ્રિત પુરૂષ અને સ્ત્રીઓ આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થની સિદ્ધીને નિશ્ચય પામશે.

અંતકાળે મારા જન માટે જરૂર મારે આવવું.<br>
બિરૂદ મારૂં ના બદલે એ જરૂર સૌને જણાવવું.<br>
આમ શ્રીજી મહારાજે અર્પેલ આ ૨૧૨ શ્લોકની શિક્ષાપત્રી એક અલભ્ય અલૌકિક અંજનશલાકા સમી છે.

# વચનામૃતમાં આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય

**ગતાંકથી ચાલુ.....**

સંકલન :- કલ્યાણ નારણ વેકરીયા-બળદીયા

વચનામૃતમાં આત્મનિષ્ઠાની દઢતા અને ભગવાનનો મહિમા સમજવાની વાત શ્રીજી મહારાજે સવિષેશ કહી છે, અને સર્વે પ્રશ્નના સમાધાનરૂપ આ વાત કરી છે. આત્મનિષ્ઠામાં ધર્મનિષ્ઠા તથા ત્યાગનિષ્ઠા સમાવિષ્ટ છે અને ભગવાનના મહિમામાં સ્વરુપનિષ્ઠા અને ભક્તિનિષ્ઠા સમાવિષ્ટ છે. તેનું આચમન કરીએ.

| વચનામૃત | આત્મનિષ્ઠા | ભગવાનનું મહાત્મ્ય |
|---|---|---|
| ગ.મ.૧ | મુક્તાનંદસ્વામીનો પ્રશ્ન જે ''મોહનું શું રૂપ છે?'' અને તેની નિવૃત્તિનો શો ઉપાય છે? મનને વિષે વિભ્રાંતિ એ મોહનું રૂપ છે અને પંચવિષયમાં આસક્તિ તે તેને ઉદય થયાનું કારણ છે. અને તેની નિવૃત્તિનું કારણ આત્મનિષ્ઠાની અતિ દઢતા જે હું આત્મા છું પણ દેહ તે હું નહિ અને.... | ભગવાનના સ્વરૂપનું અતિશય મહાત્મમ્ય તે મહાત્મ્ય એમ સમજવું જે પંચવિષયના સંબંધ નાશવંત છે અને ભગવાનનું સુખ અખંડ છે એમ સમજીને પંચવિષયને વિષે સારો કે નરસો એવો ભેદ રહે નહિ તે નિર્મોહી છે. આવું વર્તતું હોય તેને જ અનન્ય ભક્ત કહીએ, પતિવ્રતાનું અંગ પણ તેનું જ જાણવું એમ સિદ્ધદશાને પામે ત્યારે એને કૃતાર્થ થયો જાણવો. વેદ, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ એ સર્વે ગ્રંથોનો એ જ ગલિતાર્થ છે. |
| ગ.મ.૨ | જીવ, ઈંદ્રિયો-અંતઃકરણથી નોખો છે અને પંચવિષય એ અંતઃકરણથી નોખા છે. જ્યારે જીવ ઈંદ્રિયો દ્વારા પંચવિષય ભોગવે છે ત્યારે તે અંતઃકરણમાં પ્રવેશ કરે છે. અને અંતઃકરણ દ્વારે થઈને જીવમાં પ્રવેશ કરેછે. માટે પંચઈંદ્રિયો દ્વારે વિષયનો ત્યાગ દઢ રાખવો અને જે વિષય અંતઃકરણમાં ભરાણા છે તેનો આત્મવિચારે કરીને ટાળવા. તે આત્મ વિચાર એમ કરવો કે હું આત્મા છું અને મારે વિષે ઈંદ્રિયો અંતઃકરણનો સંબંધ જ નથી અને ચૈતન્યને વિષે ભગવાનની મૂર્તિ ધારવી અને આત્મસુખે કરીને પૂર્ણ રહેવું અને વ્યવહારથી ઈંદ્રિયોને વિષયનો યોગ ન થવા દેવો. તો કામાદિકનો પરાજય થાય પણ એકલા ઉપવાસે ન થાય. | |
| ગ.મ.૩ | મોટેરા મોટેરા પરમહંસને આગળ બોલાવીને શ્રીજીમહારાજે વાત કરી જે ''રસિક માર્ગે ભક્તિએ કરીને હજારો ને લાખો પડી ગયા છે અને બગાડ ઘણો થયો છે. અને બ્રહ્મજ્ઞાને કરીને એમ અવળું સમજાય છે જે બ્રહ્મ જ પ્રકૃતિપુરુષ તથા બ્રહ્મા-વિષ્ણુ-શીવ અને સ્થાવર જંગમરૂપે થાય છે અને પોતાના જીવને પણ ભગવાન જાણે છે. એમ એ બેય માર્ગ થકી પડી જાય છે. એ કેમ સમજે તો કલ્યાણના માર્ગથી ન પડે?'' પછી | અને જે પુરુષોત્તમ નારાયણ છે તે તો બ્રહ્મના પણ કારણ અને આધાર ને પ્રેરક છે એમ સમજીને પોતાના જીવાત્માની બ્રહ્મ સંગાથે એકતા કરવી અને પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી. એવી રીતે સમજે ત્યારે બ્રહ્મજ્ઞાન છે તે પરમપદને પામ્યાનો નિર્વિઘ્ન માર્ગ છે. |



ભગવાનનો મહિમા સમજાય ત્યારે ભગવાનનું ધ્યાન થાય અને તે ધ્યાને કરીને જીવ દિવ્ય સાકાર થઈને મહારાજની હજુર સેવામાં રહે છે.

શ્રીજીમહારાજે જ ઉત્તર કર્યો જે ભગવાનના ભક્ત જે બાઈઓ તેના વિષે મા, બેન, દિકરીનો ભાવ અને નિર્દોષ બુદ્ધિ રાખવી અને બ્રહ્મ તો વિકારને ન પામે અને સર્વેના કારણ છે અને કારણ કાર્ય થકી પૃથક ન હોય તેથી સર્વરૂપે કહે છે. પણ બ્રહ્મ જ એ રૂપે થયા એમ ન સમજવું.''

ગ.મ.૪ જે ભગવાનનું અલૌકિક મહાતમ્ય જાણે છે તેને રાજ્ય કરવું અથવા ભીખ માગી ખાવુ તે બેય સરખું એ છે. બાળક સ્ત્રી, સોળ વર્ષની સ્ત્રી અને એંશી વર્ષની સ્ત્રી તેમાં સરખો ભાવ વર્તે છે. સંસારમાં સારું અને નરસું પદાર્થ હોય તેમાં સરખી ભાવના રહે છે. પણ સારા પદાર્થમાં પતંગીયાની માફક અંજાઈ જાય નહિ. અને ભગવાન વિના બીજા કોઈ પદાર્થમાં લોભાય નહિ. (આમ આત્મનિષ્ઠાના ગુણ પણ ભગવાનનો મહિમા સમજે તો આવે છે.)

શ્રીજીમહારાજ બોલ્યા જે કામ-ક્રોધાદિક વિકાર ભગવાનના ચિંતવનમાં વિક્ષેપ કરે છે અને ભગવાનનું અખંડ ચિંતવન થવું એ કાંઈ થોડી વાત નથી. ભગવાનનું ચિંતવન કરતા જે દેહ મૂકે તે મોટી પદવીને પામે છે. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે એમ જાણીએ છીએ છતાં પણ અખંડ ચિંતવન રહેતું નથી તેનું શું કારણ છે? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે ભગવાનના સ્વરૂપનું મહાત્મ્ય અને શ્રધ્ધા હોય તો અખંડ ચિંતવન થાય. ભગવાનની મૂર્તિનું મહાત્મ્ય જાણ્યા વિના બીજાં કોટી સાધન કરે તોપણ ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન થાતું નથી. જે ભગવાનના સ્વરૂપનો મહિમા જાણે છે તેને જ ભગવાનનું અખંડ ચિંતવન થાય છે. તે ભગવાનનો મહિમા એમ જાણવો. જે ભગવાન પ્રકૃતિપુરુષ અને તેનું કાર્ય જે બ્રહ્માંડ તેને વિષે આવ્યા છે તો પણ ભગવાન તેવા ને તેવા પ્રતાપે યુક્ત છે પણ ભગવાનની મૂર્તિને વિષે કોઈ રીતે માયાનો લેશ અડતો નથી. એવું ભગવાનનું અલૌકિક સામર્થ્ય છે.

ગ.મ.૬ જેમ કાચમાં(અરીસામાં) સારા-નરસા બધાનું પ્રતિબિંબ પડે છે તેમ ચિત નિર્મળ છે. તેથી ચિત્ત સારા-નરસા પદાર્થમાં ચોંટી જાય છે. અને ચિત્તનો સ્વભાવ જ એવો છે જે, સારુ અથવા ભૂંડું જે સાંભર્યું તેને ચિંતવે માટે એમ જાણવું જે હું તો ચિત્તથી જુદો અને તેનો જોનારો આત્મા છું એમ ચિત્તથી જુદો પોતાના આત્મા જાણીને ભગવાનનું ભજન કરવું અને સદાય આનંદમાં રહેવું.

ગ.મ.૭

વૈરાગ્યે કરીને વિકાર ટળે. પણ જેને વૈરાગ્ય ન હોય તે શો ઉપાય કરે ત્યારે વિકાર ટળે?

જેને વૈરાગ્ય ન હોય તે મોટા સંતની સેવા કરી અને પરમેશ્વરની આજ્ઞામાં રહે. તો પરમેશ્વર તેના પર કૃપા કરે છે અને પ્રસન્ન થઈ સંકલ્પ કરે જે એના સર્વે વિકાર ટળો તો


હું આત્મા છું ને સંકલ્પ થકી ભિન્ન છું અને સુખરૂપ છું એવી રીતે શરીરનું દમન ને વિચાર એ બે જોઈએ.

તત્કાળ ટળી જાય. એમ તરત વિકાર તો પરમેશ્વરની કૃપાએ કરીને ટળે છે.

ગ.મ.૮ આપણે સાત્વિક યજ્ઞ કરવા. તે સાત્વિક યજ્ઞ તે શું? ? તો દશ-ઈંદ્રિયો અને અગીયારમું મન તે જે જે વિષયમાં ચોટે ત્યાંથી પાછા ખેંચીને બ્રહ્મઅગ્નિને (આત્માને) વિષે હોમવા એનું નામ યોગયજ્ઞ. અને પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રગટ થઈ આવે એ યોગયજ્ઞનું ફળ છે.

બહાર અથવા માહીલી કોરે ભગવાનની મૂર્તિ સામે જે વૃતિ કરવી એ અંતરદષ્ટિ છે. અને ભગવાન સંબંધી કથા-કિર્તન આદિક સર્વે ક્રિયાઓ તથા અંતરમાં મૂર્તિ ધારી પૂજા-વંદન રકવું સર્વે જ્ઞાન-યજ્ઞ છે, માટે સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગી એ જ્ઞાનયજ્ઞ કરતા રહેજો. અને એમ ને એમ જ્ઞાનયજ્ઞ કરતા કરતા જ્યારે પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ ભગવાન સાક્ષાતકાર દેખાય એ જ્ઞાનયજ્ઞનું ફળ છે. અને પોતાને વિષે સંપૂર્ણપણું માનવું નહિ. અને ભગવાનની પ્રાપ્તિ થઈ છે. તેણે કરીને પોતાને કૃતાર્થ માનીને અને સાવધાન થઈને આનંદમાં રહીને જ્ઞાનયજ્ઞ કર્યા કરવો.

ગ.મ.૯ જે સમજુ હોય તેને ભગવાનના વચનમાં તો પોતાની સમાર્થી પ્રમાણે રહેવાય તેટલું અવશ્ય રહેવું પણ મૂર્તિનું બળ અતિશે રાખવું જે સર્વોપરી જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મુને પ્રાપ્ત થયું છે. અને જેને આવી ભગવત સ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય તે પુરુષોત્તમ ભગવાનના ધામને વિષે નહિ જાય. માટે જેને સર્વથી ભગવતસ્વરૂપનું બળ અધિક હોય એ જ એકાંતિક ભક્ત કહેવાય ને તે જ પાકો સત્સંગી કહેવાય. આ વાર્તા સમજી વિચારીને અતિ દઢ ભગવાનનો આશારો કરવો એ જ મત અતિ સારમાં સાર છે.

ગ.મ.૧૦ ભગવાન તો વિરાટપુરુષના જે અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવ તેને વિષે બ્રહ્મરૂપ જે પોતાની શક્તિ તેણે કરીને તદાત્મકપણે કરીને વર્તે છે. અને સ્વરૂપે કરીને તો વિરાટ થી ન્યારા છે. અને બ્રહ્મરૂપ જે પોતાની શક્તિ છે તે તો પુરુષોત્તમ ભગવાનની કિરણ છે, ને પોતે ભગવાન તો સદા સાકાર મૂર્તિ છે. એમ નિશ્ચય કરી ભગવાનનો દઢ આશ્રય કરવો.

અને પ્રથમ અંતઃકરણ સ્થિર કરી પછી તેને વિષે ભગવાનની મૂર્તિ ધારવી એ યોગ શાસ્ત્ર સંબંધી જ્ઞાન છે.

પુરુષોત્તમ ભગવાન છે તેને આકાશની પેઠે માયિક વિકાર કોઈ અડતો જ નથી. અને સર્વે ક્રિયાઓને કરતા થકા અકર્તા, અસંગ છે. એ સાંખ્ય સંબંધી જ્ઞાન છે.

ભગવાનને સર્વે ગુણ સંપન્ન સમજી એક પરમેશ્વરનો દઢ આશ્રય કરે અને ભવગાનના પ્રાકૃત ચરિત્ર પણ દિવ્ય જાણે એવી ભક્તિ એજ પરમપદ છે.

**ક્રમશઃ**



વિચારે કરીને સર્વમાંથી પ્રિતી તોડીને ભગવાનને વિષે દ્રઢ પ્રિતી કરે ને સાધુનો સમાગમ રાખે તો ગૃહસ્થને પણ ત્યાગીની પેઠે ભગવાનમાં અખંડવૃત્તિ રહે.

# કેળવણી

## પ્રાર્થના કાર્યક્રમમાં અંગ્રેજી પ્રવૃત્તિનું આયોજન

શ્રી ઘનશ્યામ એકેડમી બળદિયા, મધ્યે પ્રાર્થના કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્ય શ્રીમતી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ તા. ૩૦-૦૧-૨૦૨૪ મંગળવારથી ૦૩-૦૧-૨૫ શુક્રવાર સુધી અંગ્રેજી પ્રવૃત્તિનું આયોજન આ મુજબ કરવામાં આવેલ હતું.

જેમાં તા. ૩૦-૦૧-૨૪ના ધોરણ ૬ના વિદ્યાર્થીઓને અંગ્રેજી વાતચીત મહાવરો કરાવવામાં આવેલ હતું. તા. ૩૧-૧૨-૨૪ના રોજ ધોરણ ૬, ૭ અને ૮ની વિદ્યાર્થીને અંગ્રેજીમાં ૧ થી ૧૦ અક્ષરના શબ્દો અને તેનું જીવનમાં મહત્વ નાટ્યકલા દ્વારા રજૂ કર્યું હતું. તથા તા. ૦૧-૦૧-૨૫ના રોજ ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓને અંગ્રેજી કવિતા અભિનય દ્વારા કરાવવામાં આવેલ હતી. તા. ૩-૦૧-૨૫ના રોજ ધોરણ ૩ અને ૪ના વિદ્યાર્થીઓને અંગ્રેજી વ્યાકરણનો સંયોજક વિષય વિશે પ્રવૃત્તિ કરાવવામાં આવેલ હતી. અંગ્રેજી પ્રવૃત્તિનો હેતુ અભ્યાસમાં આવતા મુદ્દાઓ ઉપરાંત અંગ્રેજી ભાષા દ્વારા વ્યવહારિક જ્ઞાન મેળવી તે રહ્યો હતો.

આ અંગ્રેજી પ્રવૃત્તિને સફળ બનાવવા અંગ્રેજી વિભાગના શિક્ષકો જીનલ સોની, દિપાલી ગોસ્વામી, ગાર્ગી જોશીએ પોતાનું યોગદાન આપ્યું હતું.

## સલાડ ડેકોરેશન સ્પર્ધા

શ્રી ઘનશ્યામ એકેડેમી બળદિયા મધ્યે તારીખ ૧૪-૧૨-૨૪ને શનિવારના રોજ સલાડ ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ ધોરણ ૬ થી ૯ના વિદ્યાર્થીઓ વચ્ચે સલાડ ડેકોરેશન કોમ્પિટિશન યોજાઈ હતી. વિદ્યાર્થીઓ દ્વારા ઘરેથી વિવિધ ફળો અને શાકભાજી લઈ આવી અને ખૂબ જ સુંદર રીતે ડેકોરેશન કરવામાં આવેલ હતું. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ આકારો બનાવી અને આકર્ષણ કર્યું હતુ. ધોરણ ૬માં પ્રથમ ક્રમાંકે પરમાર દિવ્ય, દ્વિતીય ક્રમાંકે પટેલ દિવ્ય અને તૃતીય ક્રમાંકે આર્યન, ધોરણ ૭માં પ્રથમ ક્રમાંકે રશ્મિ, દ્વિતીય ક્રમાંકે વિન્સી અને તૃતીય ક્રમાંકે ક્રિષ્ના, ધોરણ ૮માં પ્રથમ ક્રમાંકે અક્ષી, દ્વિતીય ક્રમાંકે ગૌરવ અને તૃતીય ક્રમાંકે મૈત્રીબા રહ્યા હતા. સલાડ ડેકોરેશન કોમ્પિટિશનનું સંપૂર્ણ આયોજન શાળાના નોલેજ હાઉસના હેડ શ્રીમતી શીતલબેન કેરાઈ અને જોશી અર્ચનાબેનએ કર્યું હતું. આ સ્પર્ધાના નિર્ણાયકો શ્રીમતી મમતાબેન, જીનલબેન તથા ગાર્ગીબેન હતા. આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ શિયાળામાં મળતા પોષક તત્ત્વોથી ભરપૂર ફળ અને શાકભાજીની પર હકારાત્મક અસરનું મહત્વ સમજે વિવિધ ફળો-શાકભાજીમાંથી મળતા વિટામિન, ફાઈબર, આયર્ન વગેરેનું જ્ઞાન મેળવે શાકભાજી અને ફળો દ્વારા વિવિધ સલાડ બનાવી શકે એ રહ્યો હતો.

## પ્રાર્થના કાર્યક્રમમાં હિન્દી - ગુજરાતી પ્રવૃત્તિનું આયોજન

શ્રી ઘનશ્યામ એકેડેમી-બળદિયા મધ્યે તા. ૧૭-૧૨-૨૪ મંગળવારથી તા. ૨૦-૧૨-૨૪ શુક્રવાર સુધી શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ હિન્દી-ગુજરતીનું એક્વીટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૧૭-૧૨-૨૪ મંગળવારના ધોરણ-૭ના વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતીમાં શબ્દસમૂહ માટે એક શબ્દ વિશેની વિસ્તૃત માહિતી એક્ટીવીટી દ્વારા રજૂ કરાઈ. તા. ૧૮-૧૨-૨૪ બુધવારના ધોરણ-૧ અને ૨ના બાળકો દ્વારા હિન્દીમાં ફળની માહિતી અપાઈ. તા. ૧૯-૧૨-૨૪ ગુરુવારના ધોરણ-૫ના વિદ્યાર્થીઓ દ્વારા અભિનય ગીત રજૂ કરવામાં આવ્યું. તા. ૨૦-૧૨-૨૪ શુક્રવારના ધોરણ-૬ના વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતના વિવિધ લોકનૃત્યોની ઉંડાણપૂર્વક માહિતી કૃતિ દ્વારા રજૂ કરવામાં આવી હતી.

આ હિન્દી ગુજરાતીની એક્ટીવીની સફળ બનાવવા હિન્દી, ગુજરાતી વિભાગના શિક્ષકો વિજય ડોડીયા, કોમલબા વાઘેલા અને દક્ષાબેન રાઘવાણીએ પોતાનું યોગદાન આપ્યું હતું.

## વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધાનું આયોજન

શ્રી ઘનશ્યામ એકેડેમી-બળદિયા ખાતે તા. ૩૦-૧૧-૨૪ શનિવારના રોજ શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ શાળાના સી.સી. એ વિભાગ અંતર્ગત આયોજીત ધોરણ ૬ થી ૯ના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ માટે વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધાનું આયોજન કરાયું. આ સ્પર્ધામાં સ્પર્ધકો દ્વારા વિવિધ વેસ્ટ સામગ્રીમાંથી પોતાની સૂઝ અને સમજથી સર્જનાત્મક વસ્તુઓ બનાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં આવી અવનવી પ્રવૃત્તિઓ મહત્વનો ભાગ ભજવે છે. વિદ્યાર્થીઓ દ્વારા જૂના બોક્સ, બોટલ, કેન્ડીસ્ટીક, છાપાં, પિસ્તાના વેસ્ટ કચરામાંથી ખૂબજ સરસ વસ્તુઓ બનાવી હતી. આ સ્પર્ધામાં નિર્ણાયકો દ્વારા સ્પર્ધકોની રચનાત્મક કૃત્તિનું નિરીક્ષણ કરી જેમાં ધોરણ-૬માં પ્રથમ ક્રમાંકે દિપક, દ્વિતીય ક્રમાંકે હેપ્પી, તૃતીય ક્રમાંકે આર્યન



વિશ્વાસ રાખીને પ્રીતી સહિત જે ભગવાનની વાત સંભળાવી એથી બીજું મનને સ્થિર થવાનું ને નિર્વિષય થવાનું કોઈ મોટું સાધન નથી.

અનેવિનીત તેમજ ધોરણ-૭માં પ્રથમ ક્રમાંકે સૂર્યાન્શુ, દ્વિતીય ક્રમાંકે દિયા, તૃતીય ક્રમાંકે હેમાન્સી અને ધોરણ-૮માં પ્રથમ ક્રમાંકે રિદ્ધિ, દ્વિતીય ક્રમાંકે દર્શન અને તૃતીય ક્રમાંકે અક્ષી અને ધોરણ-૯માં પ્રથમ ક્રમાંકે ભક્તિ, દ્વિતીય ક્રમાંકે ગુંજન, તૃતીય ક્રમાંકે શ્રેયા રહ્યા હતા. આ સ્પર્ધામાં ભુતિયા દિવ્યા, ડોડીયા મમતા, વાઘેલા કોમલબા એ નિર્ણાયકની ભૂમિકા નિભાવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઈન્ટેલિઝન્સ હાઉસના શિક્ષકો દક્ષા રાઘવાણી, વિશ્વ સોની, મયુરી હિરાણી, દિવ્યા ભુતિયા તથા શાળાના શિક્ષકોનો મહત્વનો સહયોગ રહ્યો હતો.

## Fruit Recognition Competition

શ્રી ઘનશ્યામ એકેડેમી બળદિયામાં તા. ૧૪-૧૨-૨૪ના રોજ ""Fruit Recognition" સ્પર્ધા કે જેથી વિદ્યાર્થીઓ શાકભાજી અને અવનવા ફળોના ગુણોથી જાગૃત થાય તે માટે ધોરણ ૧ થી ૫ સુધીના વિદ્યાર્થીઓ સંમેલિત કરવામાં આવ્યા હતા.

આ સ્પર્ધાને વધુ આકર્ષિત બનાવવા શાળાના આચાર્યશ્રી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ શાળાના અલગ અલગ હાઉસ જેવા કે નોલેજ, ઈન્ટેલિજન્સ, એક્સલેન્સ અને જીનીયસ વચ્ચે સ્પર્ધા ગોઠવાઈ હતી. વિદ્યાર્થીઓએ ઘરેથી કોઈપણ એક ફળ કે શાકભાજી સાથે લાવવાનું હતું અને તે ફળ અને શાકભાજી વિશે તેના ગુણ, નામ તેમાં રહેલા પોષક તત્ત્વો વિશે વાક્યો બોલવાના હતા. વિદ્યાર્થીઓ ઘરેથી અવનવા ફળ અને શાકભાજી સાથે લઈને આવેલા હતા. સ્પર્ધાનું મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ પોતાનામાં રહેલી વાક્યાચુર્ય કળાનો ઉપયોગ કરે તેમજ સીઝન મુજબના ફળો અને શાકભાજીના ગુણો સમજી અને તેનો સેવન કરે તે રહ્યો હતો. પોતાના ગમતા ફળ અને શાકભાજી વિશે બોલતી વખતે વિદ્યાર્થીઓના ચહેરા પર જોવા મળતો આનંદ સ્પર્ધાની યથાર્થ ઉજવણીને દર્શાવતું હતું.

વિજેતાઓના નામ આ મુજબ રહ્યા હતા. ધોરણ-૧માં પ્રથમ ક્રમાંકે અંજલિબા, દ્વિતીય ક્રમાંકે ટિંકલ, તૃતીય ક્રમાંકે પ્રિન્સી, ધોરણ-૩માં પ્રથમ ક્રમાંકે ધ્રુવ, દ્વિતીય ક્રમાંકે સુરભી, તૃતીય ક્રમાંકે અંજલી, ધોરણ-૪માં પ્રથમ ક્રમાંકે સિયા, દ્વિતીય ક્રમાંકે ક્રિષ્ના, તૃતીય ક્રમાંકે પ્રણવ, ધોરણ-૫માં પ્રથમ ક્રમાંકે મીત, દ્વિતીય ક્રમાંકે પ્રણીત, તૃતીય ક્રમાંકે ઋત્વિક.

આ સમગ્ર સ્પર્ધાનું આયોજન એક્સેલન્સ હાઉસના શિક્ષકો લોચન પરમાર, દેવરાજ ચૌચેટા, જીનલ સોની અને મમતા ડોડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયકો તરીકે દિપાલી ગોસ્વામી, નિરાલીબા સરવૈયા એન દિવ્યા ભુતિયાનો વિશેષ ફાળો રહ્યો હતો.

## વિન્ટર ડે સેલિબ્રેશન

શ્રી ઘનશ્યામ એકેડેમી બળદિયામાં ''વિન્ટર ડે સેલિબ્રેશન''નું આયોજન કરાયું. શાળાના આચાર્ય શ્રીમતી શુભાંગીબેન જોષીના માર્ગદર્શન હેઠળ શ્રી ઘનશ્યામ એકેડેમી બળદિયામાં તારીખ ૨૧-૧૨-૨૪ના કોડ કે જી વિભાગમાં વિન્ટર ડે સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાં કે જી વિભાગના શિક્ષિકાઓ અને બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિક્ષિકાઓ દ્વારા શિયાળીને લગતા સ્નોમેન, પેન્વિન જેવા કાર્ટુન બનાવી ક્લાસરૂમ સજાવવામાં આવ્યું હતું, બાળકો પણ રંગીન ગરમ કપડાં પહેરી શાળાએ આવ્યા હતા. ત્યારબાદ બાળકોને બરફીલા પ્રદેશ જેવો અનુભવ કરાવવામાં આવ્યો હતો. જેમ કે ઉપરથી બરફ વર્ષા થતી હોય બાળકોને સીમલા જેવા ઠંડા વાતાવરણનો અનુભવ કરાવવામાં આવ્યો હતો. બાળકોએ એકબીજા ઉપર બરફ ઉડાવી આનંદ ઉઠાવ્યો હતો. આ પ્રવૃત્તિમાં બાળકોને ખૂબ મજા આવી હતી. ત્યારબાદ આપણી વિવિધ ઋતુઓ વિશે સમજાવવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ એ રહ્યો હતો કે બાળકો આપણી ઋતુઓ વિશે જાણે અને તેનું મહત્ત્વ સમજે.

## ટ્રાફિક સલામતી તથા સાઈબર ક્રાઈમ અવેરનેસ અંગે અહેવાલ

શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા બળદિયામાં તા. ૦૮-૦૧-૨૦૨૫ બુધવારના રોજ શાળાના આચાર્ય શ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ ટ્રાફિક સલામતી તથા સાઈબર ક્રાઈમ અવેરનેસ અંગેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આર.ટી.ઓ. ઈન્સપેક્ટર સાહેબ શ્રી અંકિતભાઈ તથા કેરા જમાદાર શ્રી અશોકભાઈ ડાભી સાહેબ સાથે હોમગાર્ડ શ્રી મયૂરભાઈ પધાર્યા હતા. સૌ પ્રથમ શાળાના આચાર્ય શ્રી ડૉ.એસ.એમ. પટેલ સાહેબે પધારેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શ્રી અશોકભાઈ ડાભી સાહેબે સાઈબર ક્રાઈમથી આજ-કાલ ઓનલાઈન કેવા બનાવો બનતા હોય છે એ અંગે માહિતી આપી હતી. આ બનાવોથી બચવા માટે શું પગલા લેવા જોઈએ અને કેવી સાવચેતી રાખવી જોઈએ એ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. જો કદાચ આવો બનાવ બને તે તેને હેલ્પલાઈન નંબર ૧૯૩૦માં સંપર્ક કરવા જણાવ્યું હતું. ત્યારબાદ આર.ટી.ઓ. ઈન્સપેક્ટર શ્રી અંકિતભાઈ એ ટ્રાફિકના નિયમો અંગે તથા માર્ગ સલામતી માટે કેવી-કેવી સાવચેતી રાખવી જોઈએ એ અંગે જણાવ્યું હતું. ત્યારબાદ દ્રશ્ય-શ્રાવ્ય દ્વારા વિશેષ માહિતી આપી હતી. ત્યારબાદ અકસ્માત થવાના કારણો ક્યા-ક્યા છે તે વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તર દ્વારા માહિતગાર કર્યા હતા. ત્યારબાદ પધારેલા

મહેમાનોને પ્રસાદી અર્પણ કરવામાં આવી હતી. અંતે શાળાના શિક્ષિકા શ્રીમતી કોમલબેન પટેલે પધારેલા મહેમાનોની સંસ્થા તથા શાળા પરિવાર વતી આભાર વ્યક્ત કર્યો હતો. અંતે કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

## ૭૬ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી

શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા બળદિયામાં તારીખઃ ૨૬-૦૧-૨૦૨૫ રવિવારના રોજ ૭૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણી શ્રી સ્વામિનારાયણ સંકુલના પ્રાંગણમાં ધ્વજવંદન કાર્યક્રમની રૂપરેખા પ્રમાણે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી ડૉ. યુનુસભાઈ શેખ હતા. પ્રમુખ શ્રી ગોવિંદબાપા, ખજાનચી કેસરાબાપા, શિક્ષણના માર્ગદર્શક કલ્યાણભાઈ વેકરીયા, તથા ગુજરાતી માધ્યના આચાર્ય શ્રી ડૉ. એસ. એમ. પટેલ સાહેબ, અંગ્રેજી માધ્યમના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોષી, પધારેલા મહેમાનો તથા બંને માધ્યમોના સર્વે શિક્ષકો તથા વિદ્યાર્થી ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં વંદેમાતરમ ગીતનું સમૂહગાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મુખ્ય મહેમાન શ્રી ડૉ. યુનુસભાઈ શેખ હસ્તે ધ્વજવંદન, ધ્વજને સલામી, ઝંડાગીત 'વિજયી વિશ્વ તિરંગા પ્યારા' નું સમૂહગાન અને છેલ્લે 'જન ગણ મન' ગીતનું સમૂહગાન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક શ્રી નરેન્દ્રભાઈ પટેલે કર્યું. આ કાર્યક્રમની શરૂઆતમાં શાળામાં આચાર્ય શ્રી ડૉ. એસ. એમ. પટેલ સાહેબે ધ્વજવંદનના મુખ્ય મહેમાન તથા ટ્રસ્ટીગણ તથા પધારેલ મહેમાનોનું શાબ્દિક તથા પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ શાળાના આચાર્ય શ્રી ડૉ. એસ. એમ. પટેલ સાહેબે પ્રસંગને અનુરૂપ પોતાના વિચારો રજુ કર્યાં હતા. ત્યારબાદ ડૉ. યુનુસભાઈ શેખ સાહેબે બાળકો પ્રત્યે પોતાની લાગણી વ્યક્ત કરી હતી. ત્યારબાદ સંસ્થાના પ્રમુખ શ્રી ગોવિંદબાપાએ શાળાની શરૂઆતથી લઈને અત્યાર સુધીના વિકાસ અંગે પ્રકાશ પાથર્યો હતો. ત્યારબાર શાળાના વિદ્યાર્થીઓએ પરેડ, દેશભક્તિગીત પર અભિનય, વ્યસનમુક્તિ પર નાટક જેવો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. સંપૂર્ણ કાર્યક્રમ નિહાળીને પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી વિદ્યાર્થીઓને વધાવ્યા હતા. ત્યારબાદ નાટક નિહાળીને પધારેલા હરિભક્ત શ્રી કુમારભાઈ સોમૈયાએ મોબાઈલ એક વ્યસન છે. તો જાગૃત નાગરિક તરીકે પ્રક્ષકોને તથા ખાસ કરીને બાળકોને કે જેના સતત મોબાઈલની લત છે તો, તેનાથી દૂર રહેવા અંગે મીઠી ટકોર કરી હતી. ત્યારબાદ ધોરણ ૧૦ ના વિદ્યાર્થી સોરઠીયા કાર્તિક પ્રજાસત્તાકદિન વિશે ગુજરાતીમાં સ્પીચ આપી હતી અને વાણીયા કેતને અંગ્રેજીમાં સ્પીચ આપી હતી. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિગીત પર પિરામિડ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંસ્થાના ટ્રસ્ટી શ્રી કલ્યાણભાઈ વેકરીયાએ પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપ્યું હતું. ત્યારબાદ શ્રી ડૉ. યુનુસભાઈ શેખ સાહેબ તરફથી બંને માધ્યમના શ્રેષ્ઠ શિક્ષકોને દર વર્ષે નારાયણમામા એવોર્ડ આપવામાં આવે છે તો ગુજરાતી માધ્યમના શાળાના આચાર્ય શ્રી ડૉ. એસ. એમ. પટેલ સાહેબે શ્રેષ્ઠ શિક્ષકોનાં નામ જાહેર કર્યાં હતા. જેમાં માધ્યમિક વિભાગમાથી શ્રી રાજેશભાઈ પટેલ તથા પ્રાથમિક વિભાગમાંથી શ્રીમતી વનીતાબેન લાખાણીને શ્રી ડૉ. યુનુસભાઈ શેખના વરદ હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ અંગ્રેજી માધ્યમના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોષીએ શ્રેષ્ઠ શિક્ષકોના નામ જાહેર કર્યા હતા. જેમાં કે. જી. વિભાગમાંથી શ્રીમતી મમતાબેન ડોડિયા, પ્રાથમિક વિભાગમાંથી શ્રીમતી દક્ષાબેન રાઘવાણી તથા શ્રીમતી શીતલબેન કેરાઈને પણ શ્રી ડૉ. યુનુસભાઈ શેખના વરદ હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમા માધ્યમિક વિભાગ ત્યારબાદ શૈક્ષણિક વર્ષે ૨૦૨૩-૨૪ માં ધોરણ-૧૦માં પ્રથમ ત્રણ નંબરે આવનાર વિદ્યાર્થીઓને કિશનભાઈ કેરાઈના હસ્તે પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. અંગ્રેજી માધ્યમનાં આચાર્ય શ્રીમતી શુભાંગીબેન જોષીએ પધારેલ મહેમાનોનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો. અંતે પ્રસાદી લઈ સૌ છૂટા પડ્યા હતા.

## મૂર્તિ સુખે સુખી થયા

- ડલાસ (યુ.એસ.એ.)ના દીનુબેન કિશોરભાઈ દવે ઉ.વ. ૮૬, તા. ૧૪-૧૨-૨૦૨૪ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.
- ગામ વિદ્યાનગરના શ્રી અરવિંદભાઈ ગીરધરભાઈ પટેલના કાકી ધુળીબેન પરસોત્તમભાઈ પટેલ ઉ.વ. ૬૫, તા. ૩૧-૧૨-૨૦૨૪ તથા કાકા શ્રી પરસોત્તમભાઈ મંગલભાઈ પટેલ ઉ.વ. ૭૮, તા. ૧૧-૧-૨૦૨૫ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.
- સાં.યો. જશુબાના મોટા બહેન ગામ બળદિયાના તેજબાઈ શીવજી આંબાણી ઉ.વ. ૭૦, તા. ૧૫-૧-૨૦૨૫ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.
- ગામ બળદિયાના વાલબાઈ કલ્યાણ રાબડીયા ઉ.વ. ૭૬, તા. ૧૭-૧-૨૦૨૫ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.
- ગામ ધોળીના શ્રી નારાયણભાઈ કરસનભાઈ માલવણીયા ઉ.વ. ૭૨, તા. ૨૧-૧-૨૦૨૫ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.

શ્રીજીમહારાજ તેમને પોતાની મૂર્તિનું સુખ વિશેષ ને વિશેષ આપે અને તેમના પરિવારને ધીરજ અને બળ આપે એવી શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના ચરણોમાં પ્રાર્થના........



સત્સંગ બ્રહ્મયજ્ઞ - ટીંબા (તા. ૧૨-૧-૨૫)



શ્રી ઘનશ્યામ એકેડેમી તથા શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ ઈતર પ્રવૃત્તિ



MURTI
FEBRUARY 2025
Year - 22 : Issue - 02

Gujarati Monthly. RNI No. GUJGUJ/2004/52455. Permitted to Post at Bhuj Sorting Office on Date 13th of every month under Postal Registration No. G/KCH/173/2025-2027. Licence to post without pre-payment No. G-PMG-RJT/030/2025




**-: Publisher :-**

Shree Abjibapani Chhatedi & Hanumanji Mandir,
Post : Baladia, Ta.: Bhuj, Dist : Kachchh,
GUJARAT : PIN - 370427.
Contact No. 90990 49282 / 90990 49284

Printed and Published by Kalyan Naran Vekaria, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Printed at Swastik Printers - Basement Pindoriya Chambers , New Station Road, Bhuj-Kachchh. 370001 and Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekaria